પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૩ | ૨૪ ડીસેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; માગશર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોવિશિલ્ડને આગામી સપ્તાહે મંજૂરીની શક્યતા

**કોરોના વાયરસની દેશી વેક્સિનને લઈને સારા સમાચાર : સરકારે સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા પાસેથી અનેક બીજા ડેટા માગ્યા હતા, જે કંપનીએ આપી દીધા હોઈ હવે દેશી વેક્સિનની મંજૂરીની સંભાવના**



નવી દિલ્હી, તા. ૨૩

કોરોના વેક્સિન અંગે ઝડપથી સારા સમાચાર મળે તેવી શકયતા છે. ઓક્સફોર્ડ - અસ્ટ્રાજેનેકાની વેક્સિન કોવીશલ્ડના ભારતમાં ઈમરજન્સી યુઝ માટે આગામી સપ્તાહે મંજૂરી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકારે સીરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા પાસેથી કેટલાક બીજા ડેટા માંગ્યા હતા, જે કંપનીએ આપી દીધા છે. ભારતમાં ઓક્સફોર્ડ-અસ્ટ્રાજેનેકાની વેક્સિનનું મેન્યુફેકચરિંગ એસઆઈઆઈ કરી રહી છે.

જો સરકાર ઓક્સફોર્ડ અને એસ્ટ્રાજેનેકાની વેક્સિન કોવીશિલ્ડને મંજુરી આપશે તો ભારત આ વેક્સિનનો ઉપયોગ કરનારો પહેલો દેશ બની જશે. આ સાથે જ કોવીશિલ્ડ ભારતની

આ પહેલી વેક્સિન હશે, કારણ કે દુનિયામાં હજી સુધી કોઈ આ વેક્સિનને ઉપયોગમા લેવાની મંજુરી આપી નથી. પુણે ખાતે આવેલા સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ બ્રિટિશ-સ્વીડિશ ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકા સાથે મળીને

● અનુસંધાન પાન-૭ પર

## બ્રિટનમાં જોવા મળેલો નવો સ્ટ્રેઈન ભારતમાં નથી દેખાયો : નેશનલ એઈડ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ

**૧૧ પ્રકારના મળતાં આવતાં વાયરસ ઓળખાયા છે, પરંતુ આનાથી ડરવાની નહીં, નજર રાખવાની જરૂર છે**

નવીદિલ્હી, તા. ૨૩

યુકેમાં જોવા મળેલ નવા સ્ટ્રેઈનને પગલે સમગ્ર વિશ્વામાં ફફડાટ છે, ત્યારે યુકેથી ભારત આવેલા મુસાફરોની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ વચ્ચે નેશનલ એઈડ્સ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ (એનએઆરઆઈ)નું કહેવું છે કે, બ્રિટનમાં જોવા મળેલ નવો કોરોના વાયરસ આપણે ત્યાં કરાયેલી તપાસમાં જોવા મળેલ નથી. એનએઆરઆઈ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ની બ્રાન્ચ છે.

એનએઆરઆઈના ડાયરેક્ટર ડો.સમિરન પાંડાએ મંગળવારે ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે, અમે દેશના જુદા-જુદા વિસ્તારમાંથી લેવોલા સેમ્પલની તપાસ કરી છે. આમાં બ્રિટનમાં જોવા મળેલ નવો સ્ટ્રેઈન મળ્યો નથી.

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે

**કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં આવ્યા રાહુલ ગાંધી, વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે, અન્ય કોંગ્રેસી નેતાઓ પણ જોડાશે : બે કરોડ હસ્તાક્ષરવાળું મેમોરેન્ડમ રાષ્ટ્રપતિને આપશે**

ન્યુ દિલ્હી,તા.૨૩

દિલ્હી બોર્ડરો પર ખેડૂતોનું આંદોલન સતત ચાલી રહ્યું છે. સરકાર સાથેની વાતચીતો છતાં કોઈ સુખદ નિવેડો આવ્યો નથી. ખેડૂતો કૃષિ કાયદાને પાછો લેવા માટે સતત દબાણ કરી રહ્યા છે. જેમાં હવે ધીમે ધીમે રાજકીય પક્ષો પણ ખેડૂતોની પડખે આવી રહ્યા છે. દેશમાં છેલ્લા ૧ મહિનાથી ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને કોંગ્રેસના રાહુલ ગાંધી પણ હવે રાષ્ટ્રપતિને મળીને આ બાબતે હસ્તક્ષેપ કરવા માટે રજૂઆત કરવા જનાર છે.

કૃષિ કાયદાને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કાલે સવારે ૧૦.૪૫ કલાકે વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે. આ દરમિયાન રાહુલ ગાંધી સાથે અન્ય કોંગ્રેસી નેતાઓ પણ ભાગ લેશે. આ પછીથી રાહુલ અને અન્ય વરિષ્ઠ નેતાઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદથી મુલાકાત કરશે અને છેલ્લા ૧ મહિનાથી દિલ્હીની બોર્ડરો પર ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં હસ્તક્ષેપ કરવા બે કરોડ સિગ્નેચરયુક્ત મેમોરેન્ડમ રજૂ કરશે. કોંગ્રેસ સાંસદ કે સુરેશે આ બાબતની જાણકારી આપી છે.

ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ

इंडियनऑयल Indian Oil

Sabarmati Gas Ltd. (A Joint Venture of GSPC and BPCL)

ક્વોલિટી અને ક્વોન્ટીટી એસ્યોર્ડ પેટ્રોલ પંપ

CNG

ધમાકેદાર ઓફર

લકી ડ્રોમાં આપ જીતી શકો છો દર અઠવાડિયે રૂ.૬૦૦/- સુધીનો CNG ફ્રી

Offer Period : 17 December To 28 February 2021

Narnarayan Petroleum, Sector-16, Gh-5, Near HDFC Bank

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અંજલિ



**સ્વ. રેખાબેન મુકેશભાઈ પટેલ**

સ્વર્ગવાસ તા. ૨૪/૧૨/૨૦૨૦

મરણ અહીં છો રહ્યું
સ્મરણમાં વહે જીંદગી...
પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
ભાવપૂર્વક અંજલિ અર્પીએ છીએ.

મુકેશકુમાર દેવીદાસભાઈ પટેલ
(નિવૃત, નાયબ કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર)

દેવીદાસ ભુરાભાઈ પટેલ | સ્વ. નિરંજનાબેન દેવીદાસ પટેલ
ધ્રુવકુમાર દેવીદાસ પટેલ | અરૂણાબેન ધ્રુવકુમાર પટેલ
નિસર્ગ મુકેશકુમાર પટેલ | દેવામી નિસર્ગ પટેલ
જય મુકેશકુમાર પટેલ | કૃતિ જય પટેલ

FIRM

ANANT INFRAPLUS LLP
SHASWAT PHOTOGRAPHY
ANANYA VASTRAM